## લક્ઝરી હેન્ડબેગ્સનો ટ્રેન્ડ

# આ લક્ઝરી પર્સની કિંમત તમને ચોંકાવી દેશે



કલ્પના કરો કે જો કોઈ તમને કહે કે પર્સની કિંમત આટલા લાખ છે અને તમે તે રકમથી એક સરસ જિંદગી જીવી શકો છો! તમને આઘાત લાગશે, ખરું ને? પણ ફેશનની દુનિયામાં આવું જ થઈ રહ્યું છે. આજકાલ લક્ઝરી બેગના ટ્રેન્ડમાં, પર્સ હવે ફક્ત પર્સ નથી રહ્યાં. ફેશનિસ્ટ માટે લિપસ્ટિકથી માંડી કેમેરા, એનિમલ, પોપકોર્ન, ડોલ જેવી જાતજાતની ડિઝાઈનમાં હેન્ડબેગ મળે છે. જો કે આ અનોખી ડિઝાઈનર અને મોંઘી બેગ જોયા પછી, કોઈ પણ મધ્યમ વર્ગની વ્યક્તિ ફક્ત એક જ વાત કહેશે - હે ભગવાન, હું આટલા પૈસામાં મારાં ઘણાં સપનાં પૂરાં કરી શકું છું! તો ચાલો જોઈએ ડિઝાઈન અને વિચિત્ર આકારનાં આ ટ્રેન્ડી ક્લચ અને બેગ્સ.

વૈવિધ્ય

### ક્યૂટ ટેડી બેગ



ચશ્માં અને આર્ગાઇલ સ્વેટરમાં પ્રખ્યાત સ્પેન્સર ટેડી બેર ક્રિસ્ટલ ક્લચ તમારા કલેક્શનમાં ઉમેરવા માટે એક સુંદર પીસ છે. આ અનોખી એક્સેસરી દિવસ કે રાત માટે પર્ફેક્ટ છે. વિન્ટેજ ચાર્મનો ટચ મેળવવા માટે તેને તમારી સાથે રાખો, જે કોઈ પણ પોશાકમાં વધારાનું વ્યક્તિત્વ ઉમેરે છે.

પહેલી નજરે ટેડી બેર જેવી લાગતી આ ક્રિસ્ટલ અને પર્લ સ્વીટહાર્ટ ટેડી બેગ જુડિથ લીબરની છે. ક્રિસ્ટલ અને મોતીજડિત આ બેગ ખરેખર ફેશનની શ્રેષ્ઠ કૃતિ છે પણ તેની કિંમત સાંભળીને તમારા શ્વાસ અધ્ધર થઈ જશે. આની કિંમત આશરે $1,800 છે એટલે કે લગભગ રૂ. 1,55,000.

### રેટ્રો મોબાઇલ ફોન ક્લચ

કોલ મી ક્રિસ્ટલ હેન્ડબેગ સાથે રેટ્રો ચાર્મ અને કન્ટેમ્પરરી લક્ઝરીનો અનુભવ મેળવો. સોના કે ચાંદીના ક્રિસ્ટલથી જડિત આ આઇકોનિક બ્રિક



ફોન ડિઝાઇન ભૂતકાળને શ્રદ્ધાંજલિ આપે છે અને સાથે સાથે એક બોલ્ડ ફેશન સ્ટેટમેન્ટ બનાવે છે.

આ આઇકોનિક બ્રિક ફોન ડિઝાઇન એક અનોખું ક્લચ છે જે ભૂતકાળ અને વર્તમાન વચ્ચેના અંતરને સરળતાથી દૂર કરે છે.

જુડિથ લીબર દ્વારા બનાવેલ 'બ્રિક ફોન' ક્લચ છે. તેની ડિઝાઇન 80ના દાયકાના મોબાઇલ ફોનથી પ્રેરિત છે. આ ક્લચ સ્પાર્કલિંગ ક્રિસ્ટલ્સથી જડિત છે અને પાછળ 'કોલ મી' લખેલું છે. તેની કિંમત લગભગ $7,280.83 એટલે કે આશરે 6 લાખ રૂપિયા.

### કેમેરા ક્લચ

જુડિથ લીબર દ્વારા ડિઝાઇન કરાયેલ આ ક્રિસ્ટલ સ્ટડેડ ક્લચ સ્પાર્કલિંગ શેમ્પેઈન રંગીન ક્રિસ્ટલ્સથી શણગારવામાં આવ્યું છે. ક્લિક કેમેરા ક્લચ મેરિલીન મનરો પ્રેરિત કેપ્સ્યુલ કલેક્શનનો એક ભાગ છે. આ ભાગમાં એક ઓપનિંગ છે જે ફોટો લેવાના 'ક્લિક'નું અનુકરણ કરે છે. બોલિવૂડ સેલિબ્રિટી આલિયા ભટ્ટ અને બ્રિટિશ ગાયિકા કેલી ઓસ્બોર્નના હાથમાં કેમેરા ક્લચ જોવા મળ્યું હતું.

શો-સ્ટોપિંગ લુક માટે તેને રેટ્રો-પ્રેરિત પેન્ટસૂટ સાથે પેર કરો, જે જૂના હોલિવૂડ ગ્લેમને કેપ્ચર કરે છે. જૂના-નવા વાઇબ માટે ફ્યુચરિસ્ટિક સ્ટ્રક્ચર્ડ ડ્રેસ સાથે તેને સંતુલિત કરો અથવા તેને કાલાતીત સુંદરતા માટે ક્લાસિક LBDનું કેન્દ્રબિંદુ બનવા દો. તમારો લુક ગમે તે હોય, આ લક્ઝરી ક્લિક કેમેરા આકારની હેન્ડબેગ તમારા પોશાકને સ્ટાર સ્ટેટસ સુધી પહોંચાડશે તે ચોક્કસ છે.

તેની કિંમત પણ લગભગ $5,995 એટલે કે આશરે 5 લાખ રૂપિયા હોવાનું કહેવાય છે. આ પર્સ ફક્ત ફેશન એસેસરી જ નથી પણ એક કલાકૃતિ જેવું પણ લાગે છે, જે જૂના કેમેરાની યાદ અપાવે છે.

### રેટ્રો ટી.વી. ક્લચ



જો તમે વિચારી રહ્યાં છો કે ટી.વી.નો યુગ પૂરો થઈ ગયો છે તો આ હેન્ડબેગ પર એક નજર નાખો. જુડિથ લીબર દ્વારા બનાવેલ આ ક્રિસ્ટલ એમ્બેલીશ્ડ ટી.વી. ટેસ્ટ સ્ક્રીન ક્લચ બેગ જૂના ટી.વી.ની યાદોને તાજી કરે છે. આ ક્રિસ્ટલ સ્ટડેડ ટી.વી. ક્લચની કિંમત $11,139 છે એટલે કે લગભગ 9 લાખ રૂપિયા. આ રકમમાં ફક્ત એક વાસ્તવિક ટી.વી. સેટ જ નહીં પરંતુ ઘર માટેનું આખું ફર્નિચર અને ઇલેક્ટ્રોનિક્સ પણ આવી શકે છે પણ જ્યારે ફેશનની વાત છે ત્યારે આ બેગ તમારા લુકને રેટ્રો ટચ અને હાઇ-ફાઇ સ્ટાઇલ આપશે!

### ગ્લાસ બેગ

કોપરની દ્વારા બનાવેલ સ્કલ્પચર કાચની બેગ ઉત્તર-પૂર્વીય ફ્રાન્સના સેન્ટ-મિહિલમાં હાથથી બનાવવામાં આવી છે. દરેક બેગ સંપૂર્ણપણે અનોખી છે અને 15 વર્ષથી વધુનો અનુભવ ધરાવતા માસ્ટર ગ્લાસ-બ્લોઅર દ્વારા બનાવવામાં આવી છે, જેમાં મોલ્ડ કે મશીનનો ઉપયોગ થતો નથી. આ જટિલ પ્રક્રિયામાં ખૂબ જ કુશળતા અને ઝીણવટભરી આંખથી હાથ સંકલનની જરૂર પડે છે. આ હેન્ડબેગને સ્પષ્ટ ક્રિસ્ટલ કાચમાં રેન્ડર કરવામાં આવી છે અને દરેક વળાંક અને કર્વને અત્યંત કાળજીથી તૈયાર કરવામાં આવ્યાં છે.



આ લગભગ પારદર્શક ક્લચ છે જે 99% હવા અને 1% કાચથી બનેલું છે અને તેનું વજન ફક્ત 33 ગ્રામ છે. આ લક્ઝરી બેગની કિંમત લગભગ 3,40,261 રૂપિયા છે.

### ફ્રોગ ક્લચ

આ અનોખી અને અસામાન્ય ડિઝાઇનની બેગ જે ડબ્લ્યુ એન્ડરસનની ફ્રોગ ક્લચ બેગ છે, જે 3D પ્રિન્ટિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે. આ પર્સ ખરેખર દેડકા - ફ્રોગ જેવું લાગે છે. જ્યારે તમે તેને હાથમાં પકડો ત્યારે એવું લાગે છે કે તમે કોઈ કાર્ટૂન ફિલ્મના પાત્રને તમારી સાથે લઈ જઈ રહ્યાં છો. તેની કિંમત લગભગ 82,000 રૂપિયાથી લઈને 1,00,000 રૂપિયા સુધીની છે. જેમને ફેશનમાં કંઈક અલગ અને બોલ્ડ ટ્રાય કરવાનું ગમે છે એવાં લોકો માટે આ બેગ છે.

